<u>ક્રિમીનલ કેસ નં. ૮૨૭૧૮/૨૦૧૯</u>

**<u>-:આંક : ૧ તળેની ફરીયાદ અન્વયેનો હુકમ:-</u>**

(૧) પ્રસ્તુત કેસનું રેકર્ડ ધ્યાને લેતાં હાલનો કેસ ફરીયાદી ધ્વારા ''ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ'' ની કલમ–૧૩૮ મુજબની ખાનગી ફરીયાદ સ્વરૂપે અદાલતમાં દાખલ કરેલ છે. વધુમાં, રેકર્ડ ધ્યાને લેતાં, આ કામ **સને ૨૦૧૯** ની સાલથી પેન્ડીંગ છે અને ત્યારથી સદરહુ કામ આરોપીને બજવણી અર્થે ચાલી રહેલ છે. હાલના કામે રેકર્ડ ધ્યાને લેતાં ફરીયાદી તરફે ઘણા લાંબા સમયથી આરોપીની બજવણી અર્થે સરનામાની પૂરતતા કરવામાં આવેલ નથી જેથી આરોપીની બજવણી અર્થે ફરીયાદી હાજરી જરૂરી જણાતી હોઈ, ફરીયાદીને આરોપીના સરનામા રજુ કરવા માટે પૂરતી તક આપવામાં આવે છે તથા ફરીયાદીને અવારનવાર નોટીસ કરવામાં આવેલ છે. ફરિયાદીને કાઢવામાં આવેલ નોટીસ પાછળ શેરો વંચાણે લેતાં, ફરિયાદીના મરણનાં દાખલા સહ નોટીસ પરત ફરેલ છે અને ફરિયાદી તરફે તેમનાં વારસોએ કેસમાં પોતાનું નામ દાખલ કરવા માટેની નામદાર અદાલત સમક્ષ કોઈ અરજ કે રજૂઆત કરેલ નથી. સદરહુ કામની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવા માટે ફરીયાદીની કોર્ટ રૂબરૂ હાજરી અત્યંત જરૂરી છે. આથી સદરહુ કામ ઘણા લાંબા સમયથી આરોપીના સરમાના માટે મુલત્વી રહેલ છે, પરંતુ ફરીયાદી કે તેઓના વિધવાન વકીલશ્રી હાજર રહેલ નથી અને તેઓને હાજર રહી ન્યાયીક કાર્યવહી આગળ ચલાવવા માટે પુરતી તક આપવામાં આવેલ હોવા છતાં ફરીયાદીએ કોઈ કાર્યવાહી કરેલ નથી. આજરોજ વારંવાર પોકાર કરતાં ફરિયાદીનાં વારસો કે ફરિયાદીનાં વિધવાન વકીલશ્રી હાજર નથી કે ફરિયાદી તરફે કોઈ રજૂઆત નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં, ફરિયાદ પક્ષે સદર કેસની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવામાં રસ ન હોવાનું અને નિષ્ફળ ગયેલ હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાઈ આવે છે.

(૨) **વધુમાં સદર કેસ ઘણો જુનો કેસ છે.** તેમ છતાં ફરિયાદી ધ્વારા હાલની ફરિયાદ દાખલ કર્યા બાદ સદર ફરિયાદની ન્યાયીક કાર્યવાહી આગળ ચલાવવા માટે કોઈ જ યોગ્ય કાર્યવાહી કરેલ નથી. વધુમાં જયારે ખાનગી ફરિયાદ કરવામાં આવેલ હોય ત્યારે

ફરિયાદીની એ ફરજ બને છે કે કાર્યવાહી તેના તાર્કિક અંત સુધી પહોંચે નહી ત્યાં સુધી અદાલતમાં હાજર રહેવું જોઈએ પરંતુ સદર કામે ફરિયાદી કે તેમના વિદ્વાન વકીલશ્રી નિયમિતપણે સદર કેસની ન્યાયીક કાર્યવાહીમાં હાજર રહી સદર કેસ આગળ ચલાવેલ નથી. તે સંજોગોમાં આ કામના ફરિયાદીને હાલનો કેસ આગળ ચલાવવામાં રસ ન હોવાનું રેકર્ડ પરથી સ્પષ્ટ જણાઈ આવે છે. તે તમામ હકીકતો તથા સંજોગો ધ્યાને લેતાં, આ કોર્ટને આ કેસ વધુ સમય માટે મુલત્વી રાખવાનું ઉચિત જણાતું નથી અને તે સંજોગોમાં આ અંગે ના. સુપ્રિમ કોર્ટનો **૨૦૦૮–ક્રિમીનલ લો જનરલ–૨૬૨૫** '' **એસ.રામક્રિષ્ન વિરુધ્ધ એસ. રામા રેડ્ડી** '' નો ચૂકાદો તથા સી.આર.પી.સી. કલમ–૨૫૬ ની જોગવાઈ ધ્યાને લેતાં, ફરીયાદીની બેદરકારી અને ગેરહાજરીના કારણે તથા વોન્ટ ઓફ પ્રોસીકયુશનના કારણે હાલની ફરીયાદ રદ (ડીસમીસ ફોર ડીફોલ્ટ) કરવામાં આવે છે તથા આ કામના આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તા. **૨૯** માહે **: નવેમ્બર** સને **: ૨૦૨૫** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવીને મારી સહીથી જાહેર કર્યો.

**તારીખ: ૨૯ – ૧૧ – ૨૦૨૫**
**સ્થળ: અમદાવાદ**

**(ડો.રાકેશ.પરીચાની)**
**૩૮ માં એડીશનલ ચીફ જ્યુડીશીયલ**
**મેજીસ્ટ્રેટ, કોર્ટ નં.૪૯,**
**અમદાવાદ શહેર.**
**(જી–જે–૦૧૨૫૨)**